પૂર્વછાયો- આશ્ચર્ય વાત છે અતિ ઘણી, કહેતાં આવે અતિ આનંદ ।
ભકતની ભીડ્ય ભાંગવા, છે સમર્થ સહજાનંદ ॥૧॥
જળે સ્થળે જ્વાળાથકી, જે કરી જનની જતન ।
ભાખું તે હવે ભાવશું, સહુ સાંભળજ્યો દઈ મન ॥૨॥
લૌકિકમાં અલૌકિકની, વળી વર્ણવીને કહું વાત ।
હરિ હરિજનના, જે સુજશ છે સાક્ષાત ॥૩॥
સાંભળતાં સંકટ ટળે, વળી કહેતાં કલિમળ જાય ।
દર્દિ સંભારે જે દર્દમાં, તેની શ્રીહરિ કરે સહાય ॥૪॥

ચોપાઇ- એક રુડું રાજીલું છે ગામ, તિયાં સોનીભક્ત નાગ નામ ।
ખરો વિશવાસી જન જાણો, સાચો ભક્ત પ્રભુનો પ્રમાણો ॥૫॥
એક સ્વામીનો સત્ય આધાર, બીજા કોઈનો ન ગણે ભાર ।
સાચા સંત તે સ્વામીના સાધુ, બીજા અસંત બગડેલ બાધુ ॥૬॥
એમ ઓળખી સત્ય અસત્ય, ભજે સ્વામીને ન ચળે મત્ય ।
એક દિવસ ઉદ્યમકાજે, ગયો વિદેશ બેસીને ઝાઝે ॥૭॥
કરી કાજ વળ્યો બેસી વાણે, કળ વકળ કાંઈ ન જાણે ।
બેઠો વાણકિનારે બફોમ, પડ્યો પાણીમાં ન રહી વ્યોમ ॥૮॥
તન સ્થૂળ ને ન જાણે તરી, ગયું દૂર વાણ વેગ કરી ।
અતિકષ્ટ આવિયો અલેખે, જીવવાની તો રીત્ય ન દેખે ॥૯॥
પછી સંભાર્યા સોનીએ સ્વામી, આવો આ સમે અંતરજામી ।
હવે નથી ઇચ્છા મારે અન્ય, નાથ આવી તજાવિયે તન ॥૧૦॥
જ્યારે દાસ બોલ્યો દીન વાણી, ત્યારે આવિયા સારંગપાણી ।
હેઠ્યે આવી નાથ હાથે દીધો, જળથી જન ઉંચેરો કીધો ॥૧૧॥
કહે ભય મ રાખીશ કાંઇ, નહિ બુડ્ય આ અર્ણવમાંઇ ।

ત્યાં તો ખેવટે ખબર લીધિ, ભાઈઓ આપણે ભુંડી જ કીધિ ॥૧૨॥
એક પુરુષ પડ્યો પાણીમાંઈ, તેની ગમ રહી નહિ કાંઈ ।
માટે વાણ વાળો એને કાજે, હોય જીવતો તો લૈયે ઝાઝે ॥૧૩॥
વાળ્યું વાણ આવ્યું જીયાં એહ, જાણી જીવતો લીધો છે તેહ ।
પછી ખેવટ પૂછે છે મળી, કેમ રહ્યું તન તારું વળી ॥૧૪॥
કહે ભક્ત કરી મારી સાય, સ્વામી સહજાનંદે જળમાંય ।
કહે ખેવટ વાત એ ખરી, તને રાખ્યો એ સાચા શ્રીહરિ ॥૧૫॥
પામ્યો પર્યો તું નાગ નિદાન, તને રાખ્યો એ સાચા ભગવાન ।
માટે મેળવ્ય અમને એહ, તારી પાસે હું માગું છું તેહ ॥૧૬॥
પછી ભક્ત ભેળો લઈ તેને, ઓળખાવ્યા અલબેલો એને ।
તેહ નિશ્ચે કરી ઘેર ગયો, એમ એ ભક્તને પર્યો થયો ॥૧૭॥
વળી વાત તેના સુત કેરી, નામ ભગો છે ભક્તિ ઘણેરી ।
કરે સોનીનું સરવે કામ, ભજે સ્વામિનારાયણ નામ ॥૧૮॥
ત્યારે યવન વદિયો વાદ, કહે મેલી દે તું વિખવાદ ।
સ્વામિનારાયણ તારા ખોટા, મારા અલ્લાથી એ નહિ મોટા ॥૧૯॥
કહે ભગો એહ વાત સાચી, અમે એવા જાણી રહ્યા રાચી ।
કહે યવન એમ ન થાય, એમ અમને તેં ન જીતાય ॥૨૦॥
આવ્ય ચઢિયે આ ઉંચે ભવન, ત્યાંથી પડતું મેલિયે તન ।
જો તું જીવતો રહે ત્યાંથી જન, તો હું કરૂં સ્વામીનું ભજન ॥૨૧॥
જો હું જીવતો રહું ભગલા, તો હું તને ભજાવીશ અલ્લા ।
એમ કહી ઉંચા બેઉ ચડ્યા, મુલાંજી તો મોરથકી પડ્યા ॥૨૨॥
ભાંગ્યા હાથ પગ વળી હેયું, મોઢું ભાંગી લોહીલાણ થયું ।
વોરો હાય હાય કરે રહ્યો, ભગા તુંતો સાચો ભાઈ થયો ॥૨૩॥
આવ્યાં ગામનાં લોક સાંભળી, કહે માંહોમાંહિ એમ મળી ।
ભાઈ ભગો જીત્યો હોડ આજે, રાખ્યો એને સ્વામી મહારાજે ॥૨૪॥
આપ્યો પરચો એને ભગવાને, હશે મૂરખ તે નહિ માને ।
વળી કહું એક વાત વખાણી, લેજ્યો હરિજન સત્ય જાણી ॥૨૫॥

એક ભાવનગર શહેરમાંઈ, રહે ક્ષત્રિ તિયાં રાજોભાઈ ।
એક રૂપોભાઈ હરિજન, ગયા પોત્યે તેહને ભુવન ॥૨૬॥
તિયાં બેઠા છે ઘડી બેચ્ચાર, કરે મને મૂરતિ વિચાર ।
વળી વૃત્તિ તે અંતરમાંઈ, દિઠો શ્વેતદ્વીપ વળી ત્યાંઈ ॥૨૭॥
દિઠીમૂર્તિ મહારાજતણી, શ્વેતદ્વીપના જે કોઈ ઘણી ।
દિઠા મુક્ત ત્યાં બીજા અપાર, દિઠા ઝીણોભાઈ તે મોઝાર ॥૨૮॥
અતિ તેજોમય જેહ ધામ, તેજોમય મુક્ત છે નિષ્કામ ।
અતિતેજ તેજ ઝળહળે, તેજ વિના તે બીજું ન મળે ॥૨૯॥
તેને જોતાંજોતાં રાજોભાઈ, ગઈ આંખ્યો પોતાની અંજાઈ ।
સુખસુખ અતિ જીયાં સુખ, તે ન કહેવાય વર્ણવી મુખ ॥૩૦॥
કહે નાથ સુણો રાજાભાઈ, તમે જાઓ પાછા હવે ત્યાંઈ ।
બોલ્યા રાજોભાઈ તે સાંભળી, હવે નહિ જાઉં પાછો વળી ॥૩૧॥
કહે નાથ ન રહેવાય આંઈ, જાઓ પાછા તમે તનમાંઈ ।
કહે ઝીણોભાઈ વળી અમે, જાશું કહેશો જરૂર જો તમે ॥૩૨॥
કહે નાથ તજયું એણે અંગ, એને તેડી લાવ્યા અમે સંગ ।
અમે ગયા હતા એને ઘેર, મેલ્યું દેહ તેહ રૂડીપેર ॥૩૩॥
રાખી આવ્યા છીએ સંત તિયાં, અયોધ્યાવાસી તો તિયાં રહ્યા ।
એમ કહી દેખાડ્યું મહારાજે, સુણ્યું સરવે તે ભાઈ રાજે ॥૩૪॥
પછી ત્યાંથી આવ્યા દેહ માંઈ, અહો અહો કહે રાજોભાઈ ।
પછી જોઈ આવ્યાતા જે ત્યાંઈ,તેની વાત કરી સર્વે આંઈ ॥૩૫॥
કહ્યું ઝીણાભાઈનું આગમ, સહુ સુણી ખાઈ રહ્યા ગમ ।
પછી વાત એ દિન દોચ્યારે, થઈ સાચી તે સર્વે પ્રકારે ॥૩૬॥
એવો દેખાડ્યો ચમત્કાર, સ્વામી સહજાનંદે નિરધાર ।
વળી વારતા છે એક સારી, સહુ લેજ્યો અંતરમાં ધારી ॥૩૭॥
એક પાણવી નામે છે ગામ, ક્ષત્રિભક્ત પુંજોભાઈ નામ ।
અતિ વૈરાગ્યવાન વિશેક, બીજો સમજે નહિ વિવેક ॥૩૮॥
પાડી અંતરમાં આંટી એહ, મળે નાથ કાં તજ્યું આ દેહ ।

પછી ગયો સમુદ્ર છે ત્યાંઈ, સુણ્યો મહાદેવ છે જળમાંઈ ॥૩૯॥
આવતી લેરે લિંગ ઢંકાય, વળે લેર તારે ત્યાં જવાય ।
પછી ગયો પૂંજો તેને પાસ, મળે પ્રભુ અંતરે એ આશ ॥૪૦॥
પોત્યે તિયાં આવ્યું પાછું પાણી, ભરી લિંગ સાથે બાથ તાણી ।
આવ્યું જળ બળે બહુ ત્યારે, ઠેલી કાઢ્યો ગાઉ પાછો આરે ॥૪૧॥
ત્યારે અંતરે એમ વિચાર્યું, કેમ થયું નહિ મોત મારું ।
આતો આશ્ચર્ય વારતા જાણું, અતિ અગાધ જળમાં જીવાણું ॥૪૨॥
હવે મરવું મારે જરુર, પડું જઈ હું આવતે પૂર ।
એમ નિશ્ચે કરી ચાલ્યો જ્યારે, થઈ આકાશવાણી તે વારે ॥૪૩॥
કહે અમથો મરે શિદ આંઈ, પ્રભુ મળશે તું જા ઘેર ત્યાંઈ ।
સ્વામી સહજાનંદજી છે જેહ, આજ પ્રકટ પ્રભુ છે તેહ ॥૪૪॥
તારે ગામ આવ્યા તેના જન, થાજે સત્સંગી માની વચન ।
એવી સુણી આકાશની વાણી, વળ્યો પુંજો તે વિશ્વાસ આણી ॥૪૫॥
દિઠા સંત આવ્યો જ્યારે ઘેર, મળી વાત રહ્યો નહિ ફેર ।
આવી લાગ્યો સંતને ચરણે, સાધો ! હું છઉં તમારે શરણે ॥૪૬॥
સાચા તમે છો સ્વામીના સંત, તમને મળ્યા છે શ્રીભગવંત ।
હું તો પરચો પામ્યો છું આજ, માની લેજ્યો તમે મહારાજ ॥૪૭॥
જેનું સ્વામી સહજાનંદ નામ, તેતો પોત્યે છે પૂરણકામ ।
તેનાં થાય મને દર્શન, એમ થાઓ તમે પરસન્ન ॥૪૮॥
પછી સંતે મેળ્યા ભગવાન, દીધાં પુંજાને દર્શનદાન ।
અતિ વાત અલૌકિક જાણી, કહી જાણીને તેને મેં વખાણી ॥૪૯॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદ મુનિવિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીજીમહારાજે હરિજનને પરચા પૂર્યા એ નામે એકસો ને ઓગણચાલિશમું પ્રકરણમ્ ॥૧૩૯॥